આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

જે પ્રાતકાળે ઉઠી પરીશ્રમ કરે અને દિવસભર પ્રામાણિકપણે કર્તવ્ય-ફરજ બજાવે એ કદી પણ દુર્ભાગ્યની ફરિયાદ કરતો નથી - એડિસન

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૦૯ | ૧૯ જાન્યુઆરી, ૨૦૧૩, શનિવાર; પોષ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લા પંચાયતની સમિતિઓનો વિવાદ ઘેરો બન્યો

## જિલ્લા પંચાયતના બે સભ્યોએ સમિતિના સભ્યપદેથી રાજીનામા આપ્યા : સમિતિઓની રચનાનો મુદ્દે વિવાદ વધુ વકરી રહ્યો છે : ૨૪મીએ ચેરમેનોની નિયુકતી થશે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે વધુ બે સભ્યોએ સમિતિઓની રચના પૂર્વે જ સમિતિના સભ્યપદેથી રાજીનામા આપતાં રાજકીય કોકડું ગુંચવાઈ જવા પામ્યું છે. આગામી ૨૪મી જાન્યુઆરીએ સમિતિઓના ચેરમેનોની નિમણુંક માટે વિવિધ સમિતિઓની બેઠક યોજવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની ૧૫મી જાન્યુઆરીએ મળેલ સામાન્ય સભામાં સાત સમિતિઓની પુનઃરચના કરવામાં આવી હતી. આજ દિવસે અપીલ સમિતિ અને ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિના સભ્યપદેથી શ્રી અજીતસિંહ રાઠોડે રાજીનામું આપી દીધું હતું.

આજે વધુ બે કોંગ્રેસી સભ્યોએ સમિતિઓના સભ્યપદેથી રાજીનામું ધરી દીધું છે. અને જેને પગલે હવે કોંગ્રેસ પક્ષ દ્વારા સમિતિઓની રચના માટે પણ મેન્ડેટ આપવો પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે એટલું જ નહિ પણ સમિતિઓની પુનઃરચનાને લઈ સભ્યોમાં પ્રવર્તી રહેલો અસંતોષ બહાર આવી રહ્યો છે. પક્ષમાં પ્રવર્તી રહેલી જૂથબંધી ને લઈ પક્ષ માટે કફોડી સ્થિતિ બની રહી છે.

પંચાયતના મહિલા સદસ્યા શ્રીમતિ જયોત્સનાબેન પટેલે આજે મહિલા અને બાળ કલ્યાણ સમિતિ તેમજ આરોગ્ય સમિતિના સભ્યપદેથી તો ગાંડાજી ઠાકોરે બાંધકામ સમિતિ અને ખેતીવાડી ઉત્પાદન સમિતિના સભ્યપદેથી અંગત કારણોસર રાજીનામું આપતા પત્રો જિલ્લા વિકાસ અધિકારીશ્રી બી.જે. ભટ્ટને મળી સુપ્રત કર્યા છે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી ભટ્ટે આ બંને સભ્યોના રાજીનામા યોગ્ય કાર્યવાહી માટે વિભાગોમાં રવાના કર્યા છે.

જિલ્લા પંચાયતની નવી રચાયેલી સમિતિઓના ચેરમેનોની નિમણુંક માટે ૨૪મી જાન્યુઆરીએ સમિતિઓની બેઠકો યોજવામાં આવી છે.

કોંગ્રેસ પક્ષમાં સમિતિઓની રચનાના મુદ્દે ઉભી થયેલી સ્થિતિને લઈ પક્ષની નેતાગીરી માટે નવા પ્રશ્નો ઉભા થયા છે. પક્ષના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ નો રીપીટ માટેની અપાયેલી ખાત્રી નો સરેઆમ ભંગ નેતાગીરી દ્વારા કરવામાં આવ્યો હોવાથી અસંતોષની આગ વધુ વિકરાળ સ્વરૂપ લે તેવી શકયતાઓ છે. પક્ષની નેતાગીરી દ્વારા આગામી બે ત્રણ દિવસમાં બેઠક યોજવાની દિશામાં વિચારણા હાથ ધરાઈ છે અને નારાજ થયેલા સભ્યોને મનાવી લેવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે.

# રીક્ષાના લઘુત્તમ ભાડામાં રૂ. ૧ નો વધારો



ગાંધીનગર, તા. ૧૮

સી.એન.જી.માં તોતિંગ ભાવવધારાનો ભડકો થતા ઓટોરીક્ષાના ચાલકોએ ઉગ્ર વિરોધ વ્યક્ત કરી ૭૨ કલાક માટે રીક્ષાઓનું એલાન જારી કરી દીધુ હતુ. જ્યારે આજે પણ અમદાવાદ અને ગાંધીનગર સહિત રાજ્યના ઘણા ખરા શહેરોમાં રીક્ષાના પૈડા થંભી ગયા હતા. રીક્ષા બંધની અસરના પગલે રાજયસરકારે આજે ઓટોરીક્ષાના લઘુત્તમ ભાડાના દરમાં રૂ. ૧ નો વધારો કર્યો છે. જ્યારે કીલોમીટર દીઠ રનીંગ ભાડામાં પણ ૫૦ પૈસાનો વધારો કરી નવો ભાવ અમલી બનાવ્યો છે.

રાજયમાં રીક્ષાચાલકોને આર્થિક રીતે વ્યાજબી વળતર મળે અને સાથોસાથ પ્રવાસીઓને પણ વ્યાજબી ભાડાના દરોએ પરિવહનની સુવિધા મળે તે આશયથી ઓટોરીક્ષાના ફયુઅલમાં વપરાતા સીએનજી ગેસમાં ભાવ વધારો થતા આજથી રાજ્યમાં નવો ભાવ વધારો અમલી બનાવાયો છે તેમ વાહનવ્યવહાર મંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે.

તેમણે ઉમેર્યુ હતું કે ઓટોરીક્ષાના નવા ભાડાના દરની સમીક્ષા કરવા માટે મળેલી રજૂઆતોને ધ્યાને લઈને રાજ્ય સરકારે આ નિર્ણય કર્યો છે. તે મુજબ રાજ્યમાં પ્રથમ ૧.૨ કિ.મી. સુધી લઘુત્તમ ભાડાનો દર (મીટર ડાઉન ભાડુ) રૂ. ૧૧ હતો, તે હવે રૂ. ૧૨ કરવામાં આવ્યો છે. જ્યારે કિ.મી. દીઠ રનીંગ ભાડામાં ૫૦ પૈસાનો વધારો કરવામાં આવ્યો છે, જે આજથી અમલી બનશે.

તેમણે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર ગુજરાતને સતત અન્યાય કરી રહી છે. સીએનજી ગેસના ભાવમાં પણ વધુ એક વખત અન્યાય કર્યો છે. કેન્દ્ર સરકાર દિલ્હી અને મુંબઈ જેવા મોટા શહેરોને જે ભાવે સીએનજી ગેસ સપ્લાય કરે છે એના કરતા ઘણા ઉંચા ભાવે ગુજરાતને સીએનજી ગેસનો સપ્લાય આપે છે. તેના કારણે અન્ય રાજયોની સરખામણીએ ગુજરાતમાં સીએનજી વપરાશકર્તા લોકોને ઉંચા ભાવો ચૂકવવા પડે છે. ગુજરાત સરકારે વારંવાર ગુજરાતને દિલ્હી અને મુંબઈના ભાવે ગેસ આપવાની રજૂઆત કરી છે. તેનો કેન્દ્ર સરકારે સ્વીકાર કર્યો નથી. ગુજરાત હાઈકોર્ટે પણ અન્ય રાજ્યોને જે ભાવે ગેસ આપે છે તે જ ભાવે ગુજરાતને ગેસ આપવા હૂકમ કર્યો છે તેનો પણ કેન્દ્ર સરકાર અમલ કરતી નથી. ગુજરાતના સીએનજી ગેસ વપરાશકર્તા લોકોને વાહન અને ઘર વપરાશ માટે ઊંચા ભાવ ચૂકવવા પડે છે, જો કેન્દ્ર સરકાર દિલ્હી અને મુંબઈના ભાવે ગુજરાતને ગેસ આપે તો ગુજરાતમાં સીએનજી ગેસના ભાવમાં તાત્કાલિક અંદાજે ૩૫ ટકા જેટલો ભાવ ઘટાડી શકાય તેમ છે જેનો સીધો લાભ ગ્રાહકોને મળશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રીક્ષા ચલાવવાના ખર્ચમાં વિવિધ અસરકર્તા પરીબળોને ધ્યાનમાં લઈ રાજયમાં ઓટોરીક્ષાના લઘુત્તમભાડાના દર તથા કિલોમીટર દીઠ રનીંગ ભાડા નક્કી કરવા માટે રાજ્ય સરકાર દ્વારા એક નિષ્ણાંત કમીટીની રચના કરવામાં આવી હતી. આ કમિટીએ વિવિધ પરીબળો અને રીક્ષા ચલાવવાનીી ખર્ચમાં તેનું કેટલુ


● અનુસંધાન પાન-૭ પર

## રીક્ષા ચલાવવાના ખર્ચમાં અસરકર્તા પરિબળોને ધ્યાને લઈ વાહનવ્યવહારમંત્રીએ નવો ભાવ અમલી બનાવવા જાહેરાત કરી

# અધ્યક્ષ પદ માટે વજુભાઈની અનિચ્છા બાદ વિધાનસભાના કાર્યકારી અધ્યક્ષ તરીકે નિમાબેન આચાર્યની વરણી

## ૨૩મીથી વિધાનસભાનું સત્ર શરૂ : ૨૨મીએ ધારાસભ્યોનો સોગંદ વિધિ

ગાંધીનગર, તા. ૧૮



ગુજરાત વિધાનસભાનું ટૂંકું સત્ર ૨૩ જાન્યુઆરીથી શરૂ થનાર છે તે પહેલાં ૨૨મીએ વિધાનસભાના નવા નિમાયેલા કચ્છના સિનીયર ધારાસભ્ય નિમાબેન આચાર્ય વિધાનસભાના કાર્યકારી અધ્યક્ષ તરીકે તમામ ધારાસભ્યોને સોગંદ લેવડાવશે.

રાજકોટના ધારાસભ્ય અને પૂર્વ નાણાં પ્રધાન વજુભાઈ વાળાના નામની જાહેરાત કરવામાં આવી હતી પરંતુ વજુભાઈએ આ પદ ગ્રહણ કરવાની અનિચ્છા દર્શાવતાં



● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યભરમાં કાતિલ ઠંડી

## નલિયા ૬.૮ ડિગ્રી : કંડલા પોર્ટ ૯, ભુજમાં ૧૦ ડિગ્રી સેલ્સિયસ : આગામી ૩૬ કલાક રાજ્યભરના કેટલાક ભાગોમાં કોલ્ડ વેવ ફરી વળવાની હવામાન વિભાગની ચેતવણી

અમદાવાદ, તા.૧૮

કાશ્મીર અને હિમાચલપ્રદેશ સહિત સમગ્ર ઉત્તર ભારતમાં હિમવર્ષાના પગલે સમગ્ર ગુજરાત રાજ્યમાં કાલિત ઠંડીનું મોજુ ફરી વલ્યુ ચે. એકાએક ઠંડાના પ્રમાણમાં વધારો થતાં કડકડતી ઠંડીને કારણે સામાન્ય જનજીવન પર અસર પડી છે. તીવ્ર ઠંડીના કારણે રાત્રે રસ્તાઓ સુમસામ થઈ જાય છે. આજે સમગ્ર દિવસ દરમિયાન ઠંડો પવન ફૂંકાતા ઠંડીની અસર વધારે અનુભવાતી હતી. રાજ્યમાં આજે સૌથી વધુ ઠંડી નલિયામાં ૬.૮ ડિગ્રી નોંધાઈ હતી. આ ઉપરાંત કંડલા પોર્ટ ખાતે ૯ ડિગ્રી, ભુજમાં ૧૦, કંડલા એરપોર્ટ ૧૦.૮, પોરબંદર ૧૧, રાજકોટ ૧૦.૫ અને ડિસામાં ૧૦.૪ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયુ હતુ. હવામાન વિભાગને ચેતવણી આપી છે કે આગામી ૩૬ કલાક રાજ્યના કેટલાક ભાગોમાં કોલ્ડ વેવ ફરી વળવાની શક્યતા છે. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે રાજ્યના તમામ જિલ્લા દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં તીવ્ર ઠંડીનું પ્રમાણ ચાલુ રહેશે અને અમદાવાદમાં આકાશ સ્વચ્છ રહેશે તથા લઘુતમ તાપમાન ૯ ડિગ્રીની આસપાસ રહેશે. અમાદવાદમાં આજે મહત્તમ તાપમાન ૨૨.૬ અને લઘુતમ તાપમાન ૧૨.૫ ડિગ્રી નોંધાયુ હતુ. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૭૫ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૩૩ ટકા નોંધાયુ હતુ. હવામાન વિભાગના વડા મનોરમાબહેન મોહંતીએ જણાવ્યું હતુ કે વેસ્ટર્ન ડીસ્ટર્બન્સને કારણે હવામાનમાં એકાએક પલ્ટો આપ્યો છે અને ઠંડીમાં વધારો થયો છે. આવતીકાલે ઠંડો પવન ફૂંકાવાની શક્યતા પણ છે. રાજ્યમાં એકાએક ઠંડીમાં વધારો થતાં સામાન્ય જનજીવન પર અસર પડી છે. રાત્રે ઠંડી સામે રક્ષણ મેળવવા લોકો તાપણા અને રૂમ હીટરનો ઉપયોગ કરી રહ્યા છે. રાજ્યમાં લઘુતમ તાપમાન અમરેલીમાં ૧૨, દ્વારકમાં ૧૩, વેરાવળમાં ૧૩.૫, મહુવામાં ૧૩.૯, સુરેન્દ્રનગરમાં ૧૨.૧, ઈડરમાં ૧૨, વડોદરામાં ૧૫.૮ ડિગ્રી નોંધાયુ હતુ.

### મહત્તમ તાપમાનમાં એકાએક ચાર ડિગ્રીની ગિરાવટ

#### આખો દિવસ ઠંડો પવન ૮ થી ૧૦ કિલોમીટરની ગતિએ ફુંકાતા નગરજનો ઠંડીમાં ઠુંઠવાયા

ગાંધીનગર, તા.૧૮

ઠંડા પવનોના જોરના કારણે એકાએક તાપમાન ઘટવા લાગ્યું હતું. આજે મહત્તમ તાપમાન ચાર ડિગ્રી ઘટયું હતું. જેના કારણે વસાહતીઓ દિવસે પણ ઠંડીમાં ઠુંઠવાયા હતા.

આગાહી અને અપેક્ષા મુજબ જ ઠંડી વધી રહી છે. પુનઃ ગાત્રો થીજવી દે તેવી ઠંડી પડવાના સંકેતો ગઈ કાલ સાંજથી જ જોવા મળી રહ્યા હતા. ઠંડો પન કાલ રાતથી જ શરૂ થઈ જતાં વસાહતીઓ બારી બારણાં બંધ કરીને ઘરમાં પુરાઈ ગયા હતા. આજે સવારથી જ પવનની ગતિ તેજ બનતા ઠંડી વધી હતી. ઠંડા પવનોએ વાહનચાલકોને પરેશાન કરી મુકયા હતા. પવનની ગતિ આજે ૮ થી ૧૦ કિલોમીટરની ઝડપે નોંધાઈ હતી. ઠંડો પવન ફુંકાતા મહત્તમ તાપમાન ઘટી ગયું હતું. ગઈકાલે મહત્તમ તાપમાન ૨૯ ડિગ્રી હતું જે આજે ઘટીને ૨૪ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. તડકામાં ફરતા પણ ઠંડી લાગતી હતી. દિવસે પણ ગરમવસ્ત્રો પહેરવા પડે તેવી સ્થિતિ સર્જાઈ હતી. સાંજ પડતા જ ગાત્રો થીજવી છે તેવી ઠંડી પડવા માંડતા વસાહતીઓ હેરાન પરેશાન થઈ ગયા હતા.

# મનપાની સામાન્ય સભામાં વાક્યુદ્ધ

## ઓડીટની કામગીરીના મામલે સ્ટેન્ડીંગ કમીટીના મંજુર કરાયેલ નિયમો પસાર

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભામાં આજે ઓડીટની કામગીરી બાબતને લઈ સ્ટેન્ડીંગ કમિટીએ મંજૂર કરેલા નિયમોને ચર્ચા વગર જ પસાર કરી દીધા હતા. જો કે આ પછી વાઈબ્રન્ટને લઈ બન્ને પક્ષોના સભ્યો વચ્ચે ચાલેલા શાબ્દીક યુદ્ધે આગામી દિવસોમાં ઉગ્ર સંઘર્ષના એંધાણ આપતા હતા.

એક તબક્કે કોંગ્રેસ પક્ષના નેતા શ્રી ચીમનભાઈ વિંઝુડાએ સ્ટેન્ડીંગ કમિટીમાં હાજરી આપવાનું ટાળતા કમિશનર સામે શિસ્ત વિષયક પગલાં લેવાની ફરજ ના પડે તે જોવાની ચીમકી ઉચ્ચારી હતી.

સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી પ્રવિણ પટેલે પણ વાઈબ્રન્ટથી ગાંધીનગરને શું ફાયદો થયો ? ગાંધીનગર કોર્પોરેશને શું એમ.ઓ.યુ. કર્યા ? લેન્ડફિલ્ડ સાઈટ ડેવલપ નથી કરી શકતા તે સફાઈની જવાબદારી લઈ ફરતા હતા ?

કોંગ્રેસના શ્રી હર્ષજીત પંડ્યાએ એજન્ડા પરની કાર્યવાહી પૂર્ણ થયા બાદ તુરત જ વાઈબ્રન્ટને લઈ સ્ટેન્ડીંગની બે બેઠકોમાં કમિશનરશ્રીએ હાજરી આપવાનું ટાળ્યું છે તો વાઈબ્રન્ટથી શુ ફાયદો ગાંધીનગરને થયો ? તેવો મુદ્દો ઉપસ્થિત કરતાં જ સભાગૃહમાં શાબ્દીક યુદ્ધ ઉભુ થઈ જવા પામ્યું હતું.

મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાએ જણાવ્યું હતું કે વાઈબ્રન્ટથી ગાંધીનગરને વૈશ્વીક ઓળખ પ્રાપ્ત થઈ છે. આપણા શહેરમાં આવતા મહેમાનોના સ્વાગત અને સરભરામાં જવું તે આપણી ફરજ છે. આપણા શહેરને ફાયદો કે ગેરફાયદો એ મુદ્દો નથી પણ આતિથ્ય પરંપરા જાળવી એ આપણા સંસ્કાર છે.

ભાજપના શ્રી આશિષ દવેએ રાજ્યની સત્તા મેળવવામાં નિષ્ફળ નિવડેલા કોંગ્રેસીઓ પરાજયને પચાવી શક્યા નથી અને હતાશામાં બકવાસ કરી રહ્યાનો આક્ષેપ કરતાં મામલો વધુ બિચક્યો હતો.

કોંગ્રેસ પક્ષના નેતા શ્રી ચીમનભાઈ વિંઝુડાએ જણાવ્યું હતુ કે રાજ્યના ૧.૯ ટકા લોકોને આ વાઈબ્રન્ટથી ફાયદો થયો છે પણ ગાંધીનગરે તેની સામે ઘણુ ગુમાવ્યુ છે તે ભૂલવુ જોઈએ નહિ. તેમણએ

● અનુસંધાન પાન-૭ પર











